# પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

- આરોગ્ય એ શારીરીક, ભૌતિક, માનસિક આધ્યાત્મિક અને સામાજિક સ્વરૂપ છે. સુખ અને સમૃધ્ધિ સમભર જીવન જરૂરિયાતોમાં સ્વસ્થ શરીરની સૌથી પ્રથમ જરૂરીયાત જણાવી છે. વ્યક્તિ જો સ્વાસ્થ હશે તો દુનિયાના બીજા બધાજ સુખ ભોગવી શકશે. સ્વાસ્થ્યની પરીકલ્પના સમયની સાથે બદલાતી રહેશે.

- ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે દાયકામાં જાહેર આરોગ્ય માળખા બાબતે અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. ગ્રામીણ પેટા આરોગ્ય કેન્દ્રોથી લઈને અત્યાધુનિક સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલો સુધીની જાહેર આરોગ્ય સુવિધાઓનુ વિશાળ નેટવર્ક ઉપલબ્ધ છે આ ઉપરાંત આપણી પાસે ખાનગી હોસ્પિટલોનું પણ વિશાળ નેટવર્ક છે.

- આપણે લાંબી અને અકાળે આવતી બિમારીઓના કારણે દેવાના ડુંગર હેઠળ દબાયેલા પરિવારોની કરુણાંતિકાઓ ઘણી સાંભળી છે. ગરીબી રેખાથી નીચે જીવતા અને સામાન્ય મધ્યમ વર્ગના હસતાં રમતા પરિવારોની ખુશીઓને પળવારમાં ધૂળધાણી થતી જોઈ છે. ઘરના એક પણ સદસ્યની લાંબી અને ગંભીર બીમારી આખા પરિવારને વેરવિખેર કરી નાખે છે અને જ્યારે એ ઘરનો મોભી હોય ત્યારે તો ઉદ્ભવેલી પરિસ્થિતિઓનો વિચાર પણ કંપાવી નાખે છે.

- રાજ્ય સરકારે આરોગ્ય ખર્ચ સામે વ્યાપક રક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે 2012માં 'મુખ્યમંત્રી અમૃતમ' (MA) યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ દર વર્ષે ગરીબી રેખા હેઠળના દરેક પરિવારને 5 સભ્યો સુધી 2 લાખ રૂપિયા સુધીનું વીમા કવચ આપવામાં આવતું હતું. આ યોજના 500 થી વધુ તબીબી અને સર્જીકલ પ્રક્રિયાઓને આવરી લેતી હતી.

- હાલમાં આ યોજનાનું PMJAY યોજનામાં જોડાણ કરવામાં આવ્યું છે. યોજનાની શરૂઆતથી હાલ સુધીમાં 2.38 કરોડ જેટલા આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે. હાલમાં આ યોજના દ્વારા ગુજરાતનાં દરેક લાભાર્થીને મહત્તમ લાભ મળે તે ઉદેશ્યથી NFSAના તમામ લાભાર્થીઓને પોર્ટલમાં સમાવી લેવામાં આવ્યા છે.

➢ ગુજરાતની સંવેદનશીલ સરકારે આ વીમા કવચ 5 લાખથી વધારીને 10 લાખ રૂપિયાનું વીમા કવચ આપીને, તેમના દુખમાં સાચા ભાગીદાર બની અને યોગ્ય આરોગ્ય સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કર્યું છે. આજે આ યોજના ના મારફતે ગુજરાત સરકારે સરકારી સુવિધાઓ ઉપરાંત જોડાયેલી ખાનગી હોસ્પિટલના દરવાજા પણ બધાની માટે ખોલી દીધા છે જે ગરીબ અને તવંગર વચ્ચેના ભેદ ને દૂર કરી ગુજરાતનાં દરેક નાગરિક માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની ઉપલબ્ધિ અને સારા સ્વાસ્થ્યની કામના કરે છે.

➢ હાલમાં ગુજરાતમાં અંદાજિત 2500 જેટલી સરકારી અને ખાનગી હોસ્પિટલો ઉપલબ્ધ છે. 47 લાખ જેટલા દાવાઓ થયા અને આ કારણે અંદાજિત દસ હજાર કરોડની રકમ ના ખિસ્સા બહારના ખર્ચમાં ઘટાડો થયેલ છે.

➢ આજ રીતે સ્વસ્થ ગુજરાતની આ વિકાસયાત્રાને આગળ ધપાવવા આ વર્ષે પણ 3110 કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે જે આપણા નીરોગી, નિરામય અને સ્વસ્થ ગુજરાતનાં સંકલ્પને સિદ્ધિ તરફ દોરી જાય છે.

➢ તે જ રિતે વાત કરું મારા વિસ્તારની તો, રાજસ્થાન રાજ્યની સરહદને અડીને આવેલ ધાનેરા તાલુકામાં થોડા સમય પહેલા રાજ્ય સરકાર દ્વારા સબડિસ્ટ્રીકટ હોસ્પિટલની મંજુરી આપેલ છે. તે બદલ આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાહેબનો વિસ્તારના સૌ નાગરિકો વતી આભાર માનું છું.

➢ મારા બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકો દ્વારા ચાલતી બનાસ ડેરીના સહયોગથી અને આપણા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સાહેબની દીર્ઘદ્રષ્ટિથી બનાસ મેડીકલ કોલેજની વર્ષ ૨૦૧૭માં સ્થાપના થઈ. જે મેડીકલ કોલેજની સ્થાપના થતા કોરોના સમયે હજારો નાગરિકોના જિવ બચાવવાનું પુણ્યનું કામ થયું અને ખુબજ ગૌરવ સાથે જણાવું છું આ મેડીકલ કોલેજમાં લાખો પશુપાલકોના સંતાનો મેડીકલ ક્ષેત્રે બનાસનું ગૌરવ વધારશે તે વાતનો રાજીપો વ્યક્ત કરું છું.

➢ આરોગ્યને એક પાસાથી ક્યારે મુલ્વી શકાય નહીં, આરોગ્ય એ બહુલક્ષી અને અનેકવિધ પાસાઓની દેન છે. સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, રાજકીય, પર્યાવરણીય તેમજ રાજ્યમાં પ્રવર્તી રહેલ કાયદો અને વ્યવસ્થા પણ સારા આરોગ્ય માટે જવાબદાર છે.

- સારૂ આરોગ્ય એ ફક્ત ધાર્મિક બાબત નથી પરંતુ જિંદગીનું સૌથી મહત્વનું પાસું છે. તે આપણા જીવન માટે અત્યંત જરૂરી છે માટે જ કહેવામાં આવ્યું છે કે સારો સ્વાસ્થ્ય સદા નીરોગી અને આયુષ્યવર્તી મનુષ્ય સદા સુખી.